# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૨૧/૫/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા 'ગુડ્સ એન્ડ સર્વિસ ટેકસ કાયદા અંતર્ગત સર્વિસ ટેકસ એકાઉન્ટીંગ કોડ' વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૨૧ મે ૨૦૨૧ના રોજ 'ગુડ્સ એન્ડ સર્વિસ ટેકસ કાયદા અંતર્ગત સર્વિસ ટેકસ એકાઉન્ટીંગ કોડ' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાત વકતા તરીકે અમદાવાદના લક્ષ્મીકુમારન એન્ડ શ્રીધરનના એકઝીકયુટીવ પાર્ટનર એડવોકેટ જિગર શાહે ઉદ્યોગકારો તેમજ પ્રોફેશનલ્સને મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

એડવોકેટ જિગર શાહે કલાસિફિકેશન ઓફ સર્વિસિસ અંતર્ગત કમ્પોઝીટ સપ્લાય અને મિકસ સપ્લાય કેવી રીતે કરવું તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. તદુપરાંત તેમણે કન્સ્ટ્રકશન સર્વિસ, જોબવર્ક, રેન્ટીંગ ઓફ ઇમુવેબલ પ્રોપર્ટી, ડેવલપમેન્ટ ઓફ ઇન્ફોર્મેશન ટેકનોલોજી સોફટવેર, ટ્રાન્સફર ઓફ રાઇટ ટુ યુઝ ગુડ્સ, હોટલ એકોમોડેશન સર્વિસ, રેસ્ટોરન્ટ એન્ડ કેટરીંગ સર્વિસિસ, ટ્રાન્સપોર્ટ ઓફ પેસેન્જર સર્વિસિસ તથા ગુડ્સ એન્ડ ટ્રાન્સપોર્ટેશન સર્વિસિસ વિગેરે સર્વિસિસને ડિમ્ડ સપ્લાય ઓફ સર્વિસ તરીકે ગણવામાં આવે છે તેમ જણાવ્યું હતું.

આ વેબિનારમાં ધી સધર્ન ગુજરાત ઇન્કમ ટેકસ બાર એસોસીએશન, ધી સધર્ન ગુજરાત કોમર્શિયલ ટેકસ બાર એસોસીએશન, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એસોસીએશન– સુરત, સોસાયટી ફોર ટેકસ એનાલિસિસ એન્ડ રિસર્ચ અને ધી નવસારી ડિસ્ટ્રીકટ સેલ્સ ટેકસ પ્રેકટીશનર્સ એસોસીએશનના હોદ્દેદારો તેમજ પ્રતિનિધીઓ જોડાયા હતા.

ચેમ્બરના માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ વેબિનારમાં સ્વાગત પ્રવચન કર્યુ હતું. જ્યારે ગૃપ ચેરમેન હાર્દિક શાહે વકતાનો પરિચય આપ્યો હતો. ચેમ્બરની જીએસટી કમિટીના કો–ચેરમેન અવિનાશ પોદ્દારે વેબિનારનું સંચાલન કર્યુ હતું અને કો–ચેરમેન રોહન દેસાઇએ સવાલોનું સંચાલન કર્યુ હતું. અંતે ધી સધર્ન ગુજરાત ઇન્કમ ટેકસ બાર એસોસીએશનના પ્રેસિડેન્ટ એડવોકેટ અનિલ શાહે સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યુ હતું. ચેમ્બરની જીએસટી કમિટીના સભ્ય દિપેશ શાકવાલાએ વેબિનારને સફળ બનાવવા માટે પોતાનું યોગદાન આપ્યું હતું.